# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-11-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VANDE MATARAM CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા પરિસર ખાતે રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્-ની રચનાને દોઢ સો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વંદે માતરમ્-ને પ્રેરણા ગીત ગણાવતા કહ્યું , સ્વતંત્રતાના સંગ્રામથી આજ દિવસ સુધી સૌના હૃદયમાં આગવું સ્થાન ધરાવે છે. શ્રી પટેલે સૌ નાગરિકને સ્વદેશીને બળ આપી આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં આગળ વધવા અનુરોધ પણ કર્યો.

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

વિધાનસભા પરિસરમાં વંદે માતરમ્-નું સામૂહિક ગાન અને સ્વદેશી અપનાવવા સામૂહિક શપથ લેવાયા. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# VANDE MATARAM AKASHVANI

આકાશવાણી અમદાવાદ દ્વારા આજે રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્-ની રચનાના દોઢ સો વર્ષની ઉજવણી કરવામાં આવી. તેના ભાગરૂપે આકાશવાણી સંકુલમાં આકાશવાણી અમદાવાદ કાર્યાલયના વડા એન. એલ. ચૌહાણ , આકાશવાણીના કાર્યક્રમ વિભાગના વડા હિતેશ માવાણી અને સંગીતકાર તથા ગાયક હસમુખ પાટડિયા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ વંદે માતરમ્-નું સમૂહ ગાન કર્યું હતું.

મહાન કવિ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ ગીતથી દેશવાસીઓમાં માતૃભૂમિ પ્રત્યેની ભાવના ઉજાગર થઈ હોવાનું આકાશવાણી અમદાવાદ કાર્યાલયના વડા એન. એલ. ચૌહાણે જણાવ્યું.

(બાઈટઃ એન. એલ. ચૌહાણ)

. . . . .

# JORAVAR SINH JADHAV DEMISE

રાજ્યના જાણીતા લોકસાહિત્યકાર , અને લોકકળાના રખેવાળ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું આજે અવસાન થયું છે. તેઓ 85 વર્ષના હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જાદવને શ્રદ્ધાંજલિ આપી છે.

અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકાના આકરુ ગામે જન્મેલા શ્રી જોરાવરસિંહ જાદવે લોકસાહિત્ય , લોકકળા અને લોકસંસ્કૃતિ પર 90થી વધુ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું છે. લોક કળાના પ્રચાર પ્રસાર માટે તેમણે વર્ષ 1978માં ગુજરાત લોકકળા ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. આ ઉપરાંત , તેઓ રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ પણ હતા . તેમના અવસાનથી ગુજરાતનાં લોક કળા અને સાહિત્ય ક્ષેત્રમાં શોકની લાગણી પ્રસરી છે.

. . . . . .

# VANDE MATARAM OVERALL

રાજ્યભરમાં આજે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્"ની રચનાના દોઢ સો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉજવણીના ભાગરૂપે સમૂહગાન કરાયું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કચ્છના લખપત તાલુકાના મોડા છેર ગામની બૉર્ડર આઉટપૉસ્ટ ખાતે જવાનો સાથે રાષ્ટ્રીય ગીતનું સમૂહગાન કર્યું. શ્રી સંઘવીએ જવાનો સહિત ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ સાથે શપથ લઈ સૌને સ્વદેશી અપનાવવા આહ્વાન કર્યું.

મહેસાણામાં પણ પોલીસ પરેડ મેદાન ખાતે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, સાંસદ હરિ પટેલ સહિતના મહાનુભાવની ઉપસ્થિતિમાં "વંદે માતરમ્"ની રચનાના દોઢ સો વર્ષની ઉજવણી થઈ.

ગાંધીનગરમાં જિલ્લા પંચાયત ખાતે કેબિનેટ મંત્રી જિતુ વાઘાણીની ઉપસ્થિતિમાં કરાયેલી ઉજવણીમાં જિલ્લા પંચાયત પ્રમુખ , જિલ્લા વિકાસ અધિકારી સહિત કર્મચારીઓએ "વંદે માતરમ્"નું સમૂહગાન કર્યું.

તાપીમાં જિલ્લા અને તાલુકાકક્ષાની કચેરીઓમાં, ભાવનગરમાં મેયરની અધ્યક્ષતામાં મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા વિશેષ કાર્યક્રમનો પ્રારંભ "વંદે માતરમ્"ના સમૂહગાનથી કરાયો. ભાવનગર રેલવે મંડળ દ્વારા પણ "વંદે માતરમ્"ના દોઢ સો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સ્મરણોત્સવ ઉજવાયો.

પાટણમાં ઐતિહાસિક વૈશ્વિક ધરોહર રાણીકી વાવના સંકુલમાં, જામનગર, બોટાદ, પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં, કેન્દ્રશાસિત પ્રદેશ દમણના સ્વામી વિવેકાનંદ પ્રેક્ષકગૃહમાં, કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં મલાલા પ્રેક્ષકગૃહ ખાતે, સુરેન્દ્રનગરની ખાનગી શાળામાં અને નવસારીમાં "વંદે માતરમ્"ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે સમૂહગાન સાથે સ્વદેશીની શપથ માટેનો કાર્યક્રમ પણ યોજાયો.

અરવલ્લીમાં જિલ્લા સેવા સદન, નગરપાલિકાઓ, તાલુકા પંચાયતો સહિત વિવિધ સરકારી કચેરીઓ, શાળા-મહાવિદ્યાલયો અને સહકારી સંગઠનો દ્વારા, જ્યારે ડાંગમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી કે. એસ. વસાવાની અધ્યક્ષતામાં "વંદે માતરમ્"નું સમૂહગાન કરાયું.

. . . . .

# JANJATIYA GAURAV YATRA BK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બિરસા મુંડાની 150-મી જન્મજયંતી વર્ષની ઉજવણી નિમિત્તે બનાસકાંઠાના અંબાજીથી રાજ્યવ્યાપી જનજાતીય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે લોકોને સંદેશ આપતા મુખ્યમંત્રીશ્રીએ ભગવાન બિરસા મુંડાએ આપેલા "આપણો દેશ-આપણું રાજ "ના સૂત્રને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા આત્મનિર્ભર-વિકસિત ભારતથી ચરિતાર્થ કરવાનું સૌને આહ્વાન કર્યું.

. . . .

# PANSHERIYA ACTION MODE

રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના યોજનામાં ગેરરીતિ કરતી હૉસ્પિટલ્સ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. આરોગ્ય વિભાગે આકસ્મિક નિરીક્ષણ દરમિયાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતા ચાર ખાનગી હૉસ્પિટલમાંથી બે હૉસ્પિટલને સસ્પેન્ડ કરી છે. જ્યારે અન્ય બે હૉસ્પિટલને કારણદર્શક નૉટિસ આપી છે.

આ બાબતે આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ મોડી રાત્રે નિવેદન આપતા કહ્યું, રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારુ , પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદ સમાન છે. તેથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહીં આવે. “ભવિષ્યમાં પણ સરકારી યોજનામાં માનવ સેવા વિરુદ્ધ વર્તન કરનારી હૉસ્પિટલ સામે કડકમાં કડક પગલાં લેવાશે.

. . . . . .